**સને ૨૦૧૮-૧૯**

**મુડી**

**બિન આદિવાસી**

**સને ૨૦૧૮-૧૯ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી**

બાબત.

**વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ (ગીધ (વલ્ચર) સંવર્ધન અને બ્રીડીંગના પ્લાનની યોજના) વિભાગ-૨ (નવી બાબત)**

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવક્રમાંક:વપસ/૧૦૧૭/૨૬૯૬/ડબલ્યુ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૦૫/૦૪/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), ગાંધીનગરના પત્ર ક્રમાંક: વપસ/૨૫/અ/૨૨૯૦-૯૧/૨૦૧૭-૧૮, તા.૨૩/૦૨/૨૦૧૮.

# ઠ રા વ

સને ૨૦૧૮-૧૯ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં આ યોજના માટે કુલ રૂપિયા **૧૦૦.૦૦ લાખ** (અંકે રૂપિયા એકસો લાખ પુરા)ની જોગવાઈ કરવામાં આવી છે. આમુખ ક્રમાંક:(૧) માં દર્શાવેલ તા.૨૩/૦૨/૨૦૧૮ના પત્રથી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), ગાંધીનગરની કચેરીએ વિભાગ-૨ નવી બાબતની જોગવાઇ રૂપિયા ૧૦૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી, જે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. આ અંગે પુખ્ત વિચારણાને અંતે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), ગાંધીનગરના ઉપર સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૨૩/૦૨/૨૦૧૮ના પત્રમાં જણાવેલ આ યોજના હેઠળના કામો હાથ ધરવા માટે થનાર ખર્ચ સારૂ નીચે જણાવેલ શરતોને આધિન કુલ રૂપિયા ૧૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા એક સો લાખ પુરા)ના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે ચાલુ નાણાંકીય વર્ષ માટે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| | | મંજૂર કરેલ રકમ |
|---|---|---|
| આવર્તક | : | રૂપિયા ૦૦.૦૦ લાખ |
| અનાવર્તક | : | રૂપિયા ૧૦૦.૦૦ લાખ |
| કુલ | : | રૂપિયા ૧૦૦.૦૦ લાખ |

૩. આ અંગે હાથ ધરવાના અનાવર્તક કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | કામગીરીની વિગત | કુલ રકમ (રૂ.લાખમાં) |
| --- | --- | --- |
| ૧ | ૨ | ૩ |
| ૧ | ગુજરાત રાજ્યમાં ગીધના આવાસનું મેપીંગ | ૫.૦૦ |
| ૨ | ગીધના બચાવ અને સંવર્ધન કાર્યક્રમ | ૧૦.૦૦ |
| ૩ | ગીધ બચાવ અને સારવાર કેન્દ્રો બનાવવા<br>૧. સુરેન્દ્રનગર ૨.બનાસકાંઠા | ૨૦.૦૦ |
| ૪ | ગીધ પ્રજનન કેંદ્ર બનાવવા તથા હયાત કેન્દ્રોને અધ્યતન કરવા. | ૧૦.૦૦ |
| ૫ | ગીધ માટે સુરક્ષીત ખોરાકના સ્થળ તથા ખોરાકની વ્યવસ્થા કરવી<br>૧. જૂનાગઢ ૨.અમરેલી ૩.સુરત ૪.મહુવા ૫.કડી ૬.બજાણા ૭.માંડવી ૮.ખંભાત ૯.ડાંગ ૧૦.વિજયનગર ૧૧.દાંતીવાડા ૧૨.લખતર | ૭.૫૦ |
| ૬ | ગીધ વસાહતવાળા ૭ જીલ્લામાં પશુચિકિત્સકો તથા પેરા-વેટરનરી / પશુધન નિરિક્ષકો માટેના અભિગમ માટે કાર્યશિબીરનું આયોજન દર વર્ષે દરેક જીલ્લામાં (રૂ.૧.૫૦ લાખ લેખે) | ૧૦.૫૦ |
| ૭ | ગીધ સંરક્ષણ માટે ઓડીયો વિઝીયુઅલ, પોસ્ટર, તથા પ્રચાર / પ્રસાર સાહિત્ય માટેની યોજના બનાવવી. | ૧૨.૦૦ |
| ૮ | રાજયની જરૂરિયત મુજબની પશુચિકિત્સા કોલેજની પશુ લેબોરેટરીને સ્ટેટ-ઓફ-આર્ટ કક્ષાની બનાવવા માટે અધ્યતન સાધનોથી સજ્જ કરવી.કે જેથી ગીધ સેમ્પલનો ઉંડાણથી અભ્યાસ થઇ શકે. | ૧૦.૦૦ |
| ૯ | ખાતાના અધિકારીઓ / કર્મચારીઓ બિનસરકારી સંસ્થાઓ અને ગીધ સંરક્ષણ સાથે સંકળાયેલાઓ માટે કૌશલ્ય વર્ધક તાલીમ કાર્યક્રમો કે જેથી તેઓ યોગ્ય રીતે સેમ્પલ કલેકશન તથા ગીધ સારવારની કામગીરી કરી શકે. | ૧૦.૦૦ |
| ૧૦ | ડ્રગ અને વિતરણનો ઉપયોગ સહિત ગીધ વસાહતો, ખાદ્ય સ્થળ, પશુવૈદ સવલતોનું નિયમિતપણે નિરિક્ષણ / ડેટા સંગ્રહ | ૫.૦૦ |
| | કુલ | ૧૦૦.૦૦ |

૪. આ યોજનાને નીચે જણાવેલ શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૧૮-૧૯ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૩. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૪. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૫. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૭. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાનો ખર્ચ તા.૧/૪/૨૦૧૮ પછીથી જ કરી શકાશે.

૯. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

૧૦. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક- ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧,તા.૨૦/૫/૯૬ના ઠરાવ ક્રમાંક-ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧ તથા તા.૯/૯/૯૮ ના ઠરાવ ક્રમાંક-ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮) ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૨. સદરહુ યોજના હેઠળ મંજુર કરેલ તેમજ ફાળવેલ ભૌતિક લક્ષ્યાંકો અંગેની વિવિધ ડિવિઝનવાર ફાળવણીની વિગતો તથા તેના અમલીકરણ અન્વયે થયેલ ખરેખર ખર્ચની અધિકૃત માહિતી સરકારશ્રીને અચૂક રજૂ કરવાની રહેશે.

૧૩. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૪. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબનકશા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

૧૫. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૧૬. શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

૧૭. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૧૮. તાલીમ માટે વિભાગની વહીવટી મંજૂરી મેળવી ઉક્ત યોજના અંતર્ગત કાર્યોકરવાના રહેશે તેમજ નિર્ણયો અંગેની જાણ અદ્યતન રીતે વિભાગને મળી રહે તે રીતે વિભાગને પહોંચાડવાની રહેશે.

૧૯. યોજના અન્વયે ખાતાના વડા કક્ષાએ નિયમિત સમયાંતરે ઓછામાં ઓછુ ત્રિમાસિક મોનીટરીંગની વ્યવસ્થા ગોઠવી તેનો પ્રગતિ અહેવાલ વહીવટી વિભાગને રજૂ કરવાનો રહેશે.

૧૬. આ યોજનાના અમલના ભાગરૂપે હાથ ધરવાની પ્રવૃતિઓ પૈકી જે પ્રવૃતિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઈડલાઈન્સ ન હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

૧૭. શિબિર, પ્રચાર, પ્રસાર, અભિયાનો વગેરે અંગે થનાર પ્રવૃતિઓની વિગતો આવરી લેતો અહેવાલ વહીવટી વિભાગને રજૂ કરવાનો રહેશે.

૧૮. આ મંજૂરી અન્વયે જો કોઈપણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો તે, રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણોને આધીન./નિયમાનુસાર અને નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

૧૯ કામગીરી/ હાથ ધરાનાર પ્રવૃતિઓની રૂપરેખા તૈયાર કરી વિભાગ કક્ષાએ મંજૂરી મેળવી કાર્યવાહી કરવાની રહેશે.

૨૦. સૂચિત કામો પૈકી જે કામો મનરેગા ઉધારવામાં આવેલ હોય તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે

૨૧. જાહેરાત અને જનજાગૃતિના કાર્યક્રમો માટે હાથ ધરાનાર પ્રવૃતિની કાર્યયોજના વહીવટી વિભાગ પાસે મંજૂરી કરાવીને અમલ કરવાનો રહેશે.

૨૨. આ યોજનાના ભાગરૂપે હાથ ધરવાની થતી કાર્યવાહી પૈકી સર્વેક્ષણ, પ્રચાર-પ્રસાર જાગૃતિના કાર્યક્રમો વગેરે માટે થનાર ખરીદીમાટે નિયત પ્રક્રિયા અનુસરવાની રહેશે તથા કાર્યયોજના વહીવટી વિભાગ પાસે મંજુર કરાવીને ખર્ચ કરવાનો રહેશે.

૫. આ અંગેનો ખર્ચનીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૧૮-૧૯ વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | ૨૬ |
| સેકટર | (ગ) આર્થિકસેવાઓ |
| સબ સેકટર | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્યસદર | ૪૪૦૬-વનનિર્માણ અને વન્યપ્રાણી જીવન અંગે મૂડી ખર્ચ જોગવાઈ |
| પેટા મુખ્યસદર | ૦૨-પર્યાવરણલક્ષી વનનિર્માણ અને વન્યપ્રાણી જીવન |
| ગૌણસદર | ૧૧૦-વન્યપ્રાણી સંરક્ષણ |
| પેટા સદર | (૦૧) વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૩૧.૦૩.૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ સી. શાહ)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, વન અને પર્યાવરણ વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી,વન અને પર્યાવરણ વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્યવનસંરક્ષકશ્રી, ગુજરાત રાજય, અરણ્ય ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- અગ્ર મુખ્યવનસંરક્ષકશ્રી (વન્યપ્રાણી),ગુજરાત રાજ્ય, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય વન સંરક્ષકશ્રી, પી.પી.એમ.ઇ., ગુજરાત રાજ્ય, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગની બજેટ શાખા
- નાણાં વિભાગ, ક શાખા, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (વન) બ્લોકનં.૯, પ્રથમ માળ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ (બ્રાન્ચકલેકશન)
- સંબંધિત નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઇલ.